## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

કંઇ પરિમાણો નકામાં લાવ્યો હાથ
મેં નવેસરથી બીજો સિવડાવ્યો હાથ !
એ જગાથી હું તરત નીકળી ગયો,
એક સજ્જનને ભલે પકડાવ્યો હાથ !

- હેમેન શાહ

### પાથેય

- રમેશ ઠક્કર

આથમતી સંધ્યાના ગેરુઆ રંગોની માફક ઉદાસીનો પટ પણ મનોપટ ઉપર વોલપેપર બની ને ક્યારેક છવાઇ જતો હોય છે..'ઘાયલ' સરસ શબ્દોમાં દર્દ ને ઘુંટે છે..

'દુઃખ વગર દર્દ વગર,દુઃખ ની કશી વાતો વગર,
મન વલોવાય છે,ક્યારેક વલોપાત વગર.. !'

પ્રસન્નતા જેમ એક રંગ છે એમ ખિન્નતા પણ આગવો અંદાજ હોય છે!

આપણું મન ઉદાસ કેમ થાય છે? અભાવો..અતૃપ્તિ... કે અસફળતા.. એમાં કારણભૂત હશે.. પરંતુ ઉદાસી ઘણીવાર અકથ્ય કારણો થી પણ ઘેરાઇ જતી હોય છે..

ઉદાસીની સાંજ હોય છે..સવાર નથી હોતી..આછું અંધારું એનું ઉદઘોષક બની જાય છે. કોઇકની યાદ..અભાવની કોઇક પળ અને એની ચુભન જયારે ડંખે છે ત્યારે આપણું મન કોઇકને ઝંખે છે...'ખામોશી' ફિલ્મ નું આ ગીત આ મનોવ્યથાને બરાબર વ્યક્ત કરે છે..

' વો શામ કુછ અજીબ થી..યે શામ ભી અજીબ હૈ. . વો કલ ભી પાસ પાસ થી વો આજ ભી કરીબ હૈ..!

'એકાકી હોવું એ માણસ હોવાની સજા હશે? કોઇ વાદ્ય કે હરણને આપણે વિચારમગ્ન જોયાં હશે? માણસ એકલો થઇ શકે છે..એટલે જ એને કશાકની ઝંખના હોય છે. અજંપાનાં અંજળપાણી માણસના કિસ્મતની જ દેન છે..! સુખની અનુભૂતિની આપણને તલાશ હોય છે..પણ એ એટલી સહજ નથી.. અડચણો આપોઆપ મળી જતી હોય છે...

શરૂઆતમાં અભાવોનો એનો ડર લાગે છે પછી એ આપ્તજન બની જાય છે..આદત બની જાય છે..આપણું મન એનો જયારે નિવાસ બને છે..ત્યારે એ પણ એક સહવાસ બની જાય છે..સતત સતાવતી મુશ્કેલીઓ ઘણા સમય સુધી ના મળે તો અચરજ પણ થાય છે..ત્યાં જ ફરીથી નાના બાળક ની જેમ એ ડોકાઇ જાય ત્યારે મન કહી ઉઠે છે..

'તું આ ગઇ.. ગર્દિશે મસ્તાની...?
બડી મહેરબાની.બડી મહેરબાની.'

જગતમાં અભાવો છે તો જ આપણને સુખ સુવિધાઓનું મહત્વ સમજાય છે..મુસીબતો સામે ખુમારીથી ટકી રહેવાથી જ માણસનું સાચું હીર બહાર આવતું હોય છે...સુખમાં મસ્ત રહેનારા તો ઘણા મળી શકે પણ મુસીબતોને મસ્તાની કહેવારની વાત જ અનોખી હોય છે.

# લોકઝુંબેશ દ્વારા જ દુષ્કર્મ પર ગાળિયો કસી શકાશે

**તંત્રીસ્થાનેથી...**

આપણી જૂની બાળવાર્તાઓથી લઈ રામાયણ અને મહાભારત જેવાં મહાકાવ્યોમાં માણસખાઉ રાક્ષસોની વાતો આવે છે. જો કે એવી કોઈ પણ વાર્તાનો રાક્ષસ કુમળી વયની બાળકીઓ સાથે દુષ્કર્મ કરતો હોવાનો ઉલ્લેખ નહીં મળે. એ રાક્ષસો બાળકોને ઉપાડી જતા હતા અને ખાઈ જતા હતા એની વાતો જરૂર વાંચવા મળશે. આજે, ૨૦૨૧ના અંતિમ ચરણમાં આપણા ભવ્ય ભારત રાષ્ટ્રમાં કાચી કુમળી અબુધ બાળાઓને ચોકલેટ આપી, ફોસલાવી, પટાવી અજાણ્યા લોકો ઊંચકી જાય છે. ક્યારેક તો એ પાડોશમાં રહેતા સુપરિચિત 'અંકલ' જ હોય છે. એવી બાળાઓ ગુમ થાય એ પછી દિવસો લગી શોધાશોધ ચાલે છે. આખરે પોલીસ સ્ટેશને ફરિયાદ લખાવાય છે કાં તો અવાવરું ઝાડીમાંથી એવી ચૂંથાયેલી લાશ મળી આવતાં ઘટનાનો ઘટસ્ફોટ થાય છે. આવી ઘટનાઓ સુરત જેવા મહાનગરથી લઈ સાબરકાંઠાના ગ્રામીણ વિસ્તારમાં પણ નોંધાઈ છે. માનવીમાં સુષુપ્ત સ્વરુપે સંઘરાયેલી કુત્સિત કામવૃત્તિ ક્યારેક બેબાકળી બનીને ભભૂકી ઊઠે છે અને પછી સરજાય છે એક હેવાનિયત પરાકાષ્ઠા સમી બીભત્સ અને ઘૃણાસ્પદ ઘટના. માણસમાં છુપાયેલા રાક્ષસને આવી ઘટનાઓ વારંવાર ઉજાગર કરતી હોવા છતાં આપણે એવી ઘટનાઓનું પુનરાવર્તન અટકાવી શક્યા નથી. યૌવનથી આકર્ષાઈને થતાં દુષ્કર્મો કરતાં આવાં માસૂમ બાળખો સાથે થતા જઘન્ય ગુનાઓનું ખૂબ જ વધારે પીડાદાયક લાગે. પરંતુ એવી ઘટનાઓ વારંવાર બનતી રહે છે. તે પણ એક કડવી હકીકત છે. ન્યાયપાલિકા આવા કેસોને ખૂબ જ ગંભીરતાથી એક ઝડપથી લેવા લાગી છે તેનું આશ્વાસન જરૂર લઈ શકીએ છીએ પરંતુ શું આવા બનાવો અટકાવવા તે સમાજ અને સરકારની જવાબદારી નથી ? શું આવી ઘટનાઓ પાછળ અરણ્ય રુદન કરીને કે પછી એવા ગુનેગારોને કઠોર સજા ફરમાવીને સંતોષ માની લેવો એ આત્મવંચના નથી ? માણસની કુત્સિત વૃત્તિઓ પર અંકુશ મેળવવા માટે સ્તો ધર્મ-સંપ્રદાયો અને કુટુંબ જેવી સંસ્થા અસ્તિત્વમાં આવી હશે. જંગલી અવસ્થામાં હતો. ત્યારે માણસ પોતે પણ માનવભક્ષી હતો. આજે પણ અંદામાનના જંગલ વિસ્તારમાં માનવભક્ષી આદિમાનવ વસતા હોવાની વાતો આપણે સાંભળીએ છીએ. સુસંસ્કૃત માનવીને આહાર તરીકે તો જીવ માત્ર પર અધિકાર માની લીધો છે, પરંતુ કામવૃત્તિ પર એક લગામ મૂકીને લગ્ન વ્યવસ્થા અથવા એના આધુનિક સ્વરુપ સમી લિવ-ઈન - રિલેશનશીલની સંકલ્પના અમલમાં મૂકેલી છે. એ સિવાય દેહવિક્રયના વ્યવસાયને પણ ક્યાંક ખુલ્લી તો ક્યાંક છૂપી છૂટ મેળવી જ છે. એમ છતાં દુષ્કર્મો થતાં રહે છે અને વિકૃત માનસિકતાની પરાકાષ્ઠા રુપે સુરતના પાંડેસરામાં નાની બાળકી સાથે બની એવી ઘટનાઓ પણ આકાર લેતી રહે છે. ફાષ્ટ્ર ટ્રેક કોર્ટે વિક્રમજનક સમયગાળામાં ગુનેગારને ફાંસી સહિત બીજી કલમોમાં આજીવન કેદની સજા ફરમાવીને એક પ્રશંસનીય ચુકાદો જરૂર આપ્યો છે. એથી આવી ગુનાઈત માનસિકતા ધરાવતા વિકૃત મનમા અધમ લોકોને એક જાતનો ડર કે ધાક પણ રહેશે. પરંતુ સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે એમ, કામી માનવી તો આંધળો બની જતો હોય છે. એને જયારે કામજવર ચડી જાય છે ત્યારે કોઈ જ વિવેકભાન રહેતું નથી. રાજયના ગૃહમંત્રીએ આવા ગુનેગારોના ફોટા સાથેનાં હોર્ડિંગ્સ મૂકવાની વાત કરી છે - અલબત્ત, એવાં હોર્ડિંગ્સ જોઈને તો જુગુપ્સા જ પેદા થશે. એમની સાથે થૂંકવાનું મન થશે. બનવાજોગ કે એવી અધમાધમ વ્યક્તિનો ફોટો અને એણે કરેલા દુષ્કૃત્યની વિગત વાંચીને સંવેદનશીલ યુવતીઓ વાહન ચલાવતાં ચલાવતાં કાબૂ ગુમાવી બેસે અને અકસ્માતો સર્જાય. ખરું જોતાં આવી માનસિકતા વિરુદ્ધ સામાજિક સંગઠનો સાથે મળી સરકારે લોકશિક્ષણની ઝુંબેશ ચલાવવી જોઈએ. શાળા કૉલેજો તથા બગીચાઓમાં આ સંદર્ભે શિબિરો યોજાય, જાહેર સ્થળો પર લોકજાગૃતિના કાર્યક્રમો યોજાય તો જરૂર કંઈક પરિણામ મળી જશે. રાજકીય પક્ષો છેક મહોલ્લાઓ સુધી પહોંચી પાર્ટીનો સંદેશો પહોંચાડી શકતી હોય તો આવું માણસાઈનું કામ કેમ ના કરી શકે ?

# મા-બાપ એટીએમ કાર્ડ બની શકતા હોય છે પણ સંતાનો આધારકાર્ડ બની શકતા નથી

**અને હૃદય નમે પુનિત શ્વેત વાર્ધક્યને.**
**સહી કટુય બોજ કે જગતના વિષો જીરવી**
**નિહાળી વળી અંત્યમંગલ સુયોજના વિશ્વની,**
**ઘરે, અનુભવે વિશાળ નયનો સમાધાનના.**

- બ.ક. ઠાકોર

'એય માસ્તર, સાયેબ...' એક પરિચિય અવાજ કાને અથડાયો... હું થંભી ગયો... નજર કરી તો સામેના ખેતરના શેઢેથી એક વડીલ ઉતાવળે પગલે મળવા દોડી આવ્યા. ઘણે સમયે મળ્યા હોવાથી આંખોમાં લાગણીની ભીનાશ છવાઈ.... ક્ષેમકુશળ પૂછ્યા... થોડીક ઔપચારિક વાતો ચાલી... આ એક એવા પરગજુ વડીલ જે અનેક વટેમાર્ગુઓના વિસામો ગણાતા. હસીને આવકારો આપનારો આ ચહેરો આજે ગ્લાનિભર્યો જણાયો... મારા આગ્રહને કારમે ભારે હૈયે વીતક કથા વર્ણવી. મોટો દીકરો શહેરમાં ઠરીઠામ થયો,પણ અમને શહેરમાં ગોઠતું નથી ને ગામડાગામમાં નાનાને પનારે પડ્યા છીએ. સોનાના ટૂકડા જેવી લાખેણી જમીન બંને દીકરાને વહેંચી આપી... ને આજે બે ટંક ઓશિયાળાની જેમ જમવાનું ! નાની વહુ તો અમારા પરત્વે અસ્પૃશ્ય જેવો વહેવાર કરવા લાગી છે. વડીલ બોલોય જતાં હતા... એમની વેદનામાં મારે કઈ રીતે સહભાગી થવું એની મૂંઝવણ અનુભવતો શાંત ચિત્તે સઘળું સાંભળથો રહ્યો... એમનો મનનો ડૂમો વેરાયો... હળવા થયા.... મેં પ્રત્યુત્તર રૂપે કેટલીક વાતો જણાવી સાંત્વના આપી.

દોસ્તો, આવા અનુભવો તો આજના જમાનાની ઓળખ બની ચૂક્યા છે. ઉંમરની સાથે પોતાની પેઢીના લોકો દિવસે દિવસે ઓછા થવાના... જીવન સાથી પણ વિદાય લે... એટલે આ તબક્કો વહેલો મોડો ખાલીપાનો જ રહેવાનો. એકાકીપણાથી ટેવાવું પડશે ને એકલતાને માણતાં પણ શીખવું પડે... આમ તો આજે મા-બાપની સંભાળ લેવાનું વલણ સાવ ઓછું થતું જાય છે. સંતાનો પણ મા-બાપ સાથે રહેવા તૈયાર નથી. અરે, ભણેલાં ગણેલાં સુશિક્ષિત સંતાનોને મન મા-બાપ પરત્વે ફરજની ભાવના સિવાય ક્યાંક અંગત લાગણી જોવા મળતી નથી. મા-બાપ માટે કંઈ કરવાનું આવે તો મુખ પર બનાવટી સ્મિત પાછળ નર્યો કંટાળો જ છુપાયેલો તરી આવતો જોવા મળે છે. ત્રણેક દાયકા પહેલાં સંતાનો મા-બાપ સાથે નમ્રતાથી વાત કરતા જોયા છે, આજે મા-બાપે સંતાનો સાથે નમ્રતાથી વાત કરવી પડે છે.

**લાગણીનો મેળો**
**રસિક વાળંદ**

આજે એક સર્વવિદિત રૂઢિ થયેલી જોવા મળે છે ઘરમાં વહુ આવી નથી કે ચૂલા અલગ થયા નથી. કદાચ ચૂલા અલગ ન થાય તોય મન તો અલગ થઈ ચૂક્યાં જ હોય છે. ઘણી વહુઓ સાસુને 'મમ્મી' કહેતી હોય પણ દિલથી સ્વીકારેલી જોવા મળે ખરી ?!! કેટલીક વહુઓને તો સાસુની જ એલર્જી હોય !! એવું યે કૌતુક નિહાળ્યું છે કે એક જ ઘરમાં બબ્બે ચૂલા... એક મા-બાપનો ને - બીજા વહુ-દીકરાનો !!

સંતાન કાજે આખી દુનિયા સાથે લડી લેનારાં મા-બાપ ખુદના સંતાનો સામે એક તરફ સુદ્ધાંયે ઉચ્ચારી શકતા નથી - એ જોઈ 'જેને કોઈ ન પહોંચે એને પેટ પહોંચે...' - આવાં કડવાં વેણના ડામ પણ સહેવા પડે છે.

દોસ્તો, મારી જ અંગત વાતકરું તો મોસાળની માયાને કારણે મા-બાપથી હંમેશા છેટા રહેવાનું થયું.... છેલ્લે છેલ્લે એમની ઉત્તરાવસ્થામાં સાથે રહેવાનું થયું.... લગભગ એમની બીમારીમાં જ... બંને માવતરના દેહ લાકડાંની ચિતા પર ભડભડ બળી ગયા પછી જયારે અસ્થિ લઈ ઘરે આવ્યો ત્યારે પછી સતત એવું લાગી હ્યું છે કશુંક અધુરું રહી ગયું, કોઈ કેટલુંય કરવાનું હવામાં અધ્ધર રહી ગયું છે. આજેય મનમાં ઊંડે ઊંડે એક અપરાધભાવ કોરી ખાય છે. કે સદેહે અધ્ધર હતાં ત્યારે તેમના પ્રત્યે કેમ કઠોર બની જવાતું ? મા-બાપને કશુંક આપવાની આપણી હેસિયત કેટલી ?! મા-બાપની સંતાન પાસે એક જ અપેક્ષા હોય કે 'દીકરો થોડોક સમય આપે.' એમના અશક્ત - ધ્રૂજતા દુર્બળ હાથ સંતાનના હાથનો ટેકો ઝંખે છે. એમને હાથ પકડી થોડું ચલાવી શક્યા ?!... પણ.. ણ... આ બધું જીવતે જીવ ન કરાવી શક્યાનો વસવસો કોરી ખાય છે. આજેય ભીંતે ટીંગાડેલા માવતરને રોજ ચાર વખત મનોમન વંદન કરી મારા ગુહિત અપરાધની ક્ષમા યાચતો રહું છું...!!

મિત્રો, હમણાં લ્યુક ટિપિંગ નામના બ્રિટીશ યુવકની વાત વાંચવામાં આવી. આ યુવક પોતાના મિત્રો સાથે

અનુસંધાન પાના નં. ૭ પર

### દિન મહિમા

- એન્ટી-કરપ્શન ડે : દર વર્ષે ૯ ડિસેમ્બરના દિવસે ભ્રષ્ટાચાર વિરુદ્ધ જાગરૂકતા ફેલાવવા માટે એન્ટી-કરપ્શન ડે મનાવવામાં આવે છે

આજનું

### ઔષધ

- નાની એલચીના દાણાનાં ચૂર્ણ ૬૦ ગ્રામ અને શેકેલી હીંગ ૧૦ ગ્રામના મીશ્રણનાં પા (૧/૪) ચમચી જેટલું ચૂર્ણ સવાર-સાંજ લીંબના રસ સાથે લેવાથી પટેનો વાયું , આફરો તેમ જ ઉદરશળુ મટે છે.

### ખડખડાટ

- રમણ : અરે યાર, હું જયારે પણ એટીએમમાં પૈસા કાઢવા જાઉં છું તો ત્યાં એટીએમમાં પાસવર્ડ નાખુ છું તો એટીએમમાં ફીગરને બદલે સ્ટાર-સ્ટાર આવે છે.

  છગન : અરે એ તો તારો પાસવર્ડ પાછળવાળો માણસ ન જોઈ જાય માટે.

  રમણ : પણ જયારે હું એકલો હોઉં ત્યારે પણ સ્ટાર જ આવે છે.

આજનો

### વોટ્સએપ

- ઝાંકળને પણ પ્રાણ હોય છે, પરંતુ..

  તડકાને ક્યાં તેની જાણ હોય છે..

- વેરમાં હંમશા વાંધો હોય છે,

  અને સ્નેહમાં હંમેશા સાંધો હોય છે !!

### વિચાર

- આવતીકાલના બધા જ ફૂલ આજના બીજમાં પડ્યા છે

  - જનકલ્યાણ

- બહુત મુશ્કિલ હૈ સભી કો ખુશ રખના ! ચિરાગ જલાતે હી અંધેરે રૂઠ જાતે હૈ !!

  - સુરેશ સોની

# સુખી લગ્નજીવન સંભવ કે અસંભવ?

એક છોકરી લગ્નના છ મહિના બાદ પિયર આવી ત્યારે એની મમ્મીને ફરિયાદ કરતાં કહે, "મને મારો ઘરવાળો નથી ગમતો. જ્યારે જુઓ ત્યારે એનું ઑફિસનું કામ લઈને જ બેઠો હોય. મારા માટે તો એની પાસે બિલકુલ સમય જ નથી હોતો."

છોકરીની મમ્મીએ બીજું થોડું વધારે પૂછ્યું અને બાકીનું બધું બરાબર હતું એ જાણીને એમણે દીકરીને કહ્યું, "તું તારા ધણીમાં શાહરૂખ ખાનને જોવાનું બંધ કરી શકે તો પછી એ તને ગમવા લાગશે!"

મમ્મીએ નવાઈ લાગે એવી સલાહ આપી ને? થોડુંક વિચારી જુઓ તો આ સલાહ તમને પણ યોગ્ય લાગશે. તમે કોઈ પણ ઉંમરલાયક છોકરીને પૂછી જોજો કે, તને કેવો વર ગમે? લગભગ દરેક બીજી છોકરીની પસંદ કોઈ ફિલ્મી હીરો હશે. બે ચાર ટકાને બીજી કોઈ નામી હસ્તી ગમતી હશે તો ક્યાંક વળી મારા જેવી કોઈ નવલકથાના હીરો જેવો વર ખોળતી હશે. હવે આમ જુઓ તો આમાં કંઈ ખોટું નથી. જ્યારે ફક્ત સપના જ જોવાના હોય ત્યારે કલ્પના કરવામાં કંજુસાઈ શા માટે કરવી. પણ જ્યારે એ કલ્પના હકીકત બને ત્યારે સપના છોડીને વાસ્તવિક જીવન તરફ પાછા વળવું અતિઆવશ્યક છે.

તમારો ઘરવાળો આખો દિવસ ઑફિસમાં કામમાં ગળાડૂબ રહે છે, ઘરે આવ્યા પછી પણ એને નવરાશ નથી હોતી તો એકવાર એ જરૂર વિચારી જોજો કે એ માણસ આટલી બધી મહેનત કોના માટે કરે છે? કોઈ વળી કહે એ મારા માટે નહીં એના ઘર માટે કમાય છે ત્યારે પહેલાં તો મને હસવું જ આવી જાય. મનમાં થાય કે એનું ઘર એ તારું ઘર નથી બેન? અચ્છા મને એ કહો કે કોઈ ઘરમાં સ્ત્રી અને પુરુષ વચ્ચે કોણ કેટલું ટીવી જુએ છે એ કલાકોની ગણતરી કરવામાં આવે તો? સ્ત્રીઓ જ જીતી જાય ને? પુરુષોને શું નોકરીથી ઘરે આવીને જરાક ન્યુઝ જોઈ લીધા કે ક્રિકેટની ખબર લઈ નાખી એટલે પતી ગયું. ક્યારેક વળી એકાદ ફિલ્મ આવી જાય બાકીનો આખો સમય ટીવીની માલિકી કોની? ઘરની સ્ત્રીઓની અને બાળકોની જ ને!

હવે મને એ કહો કે એ પુરુષો જે ઘરે આવ્યા બાદ પણ જમી પરવારીને એની ફાઈલોમાં ખોવાઈ જતો હશે એમને મન નહીં થતું હોય કે હું થોડું ટીવી જોઈ લઉં. આજે બહુ કંટાળ્યો ચાલ ને બહાર આંટો મારવા જાઉં, એકાદ આઈસ્ક્રીમ ખાઈ નાખું કે સોડા પી લઉં?

મન તો ઘણું ઘણું કરવાનું થતું જ હોય અને એ છતાંય એ લોકો એમનું કામ પતાવવાનું પહેલું પસંદ કરે છે, કેમ? કેમ કે એ એમની જવાબદારી સમજે છે. એ એમનો મહત્તમ સમય ફાઈલોમાં ગોથા કાઢવામાં કાઢે છે ત્યારે જ એમના ઘરના લોકો આરામથી એસી ચાલુ કરીને ટીવી જોઈ શકે છે.

હવે પાછા છોકરીઓ તરફ આવીએ, કોઈ છોકરી એવી હશે જેના લગ્નની વાત આવે ત્યારે એ વિચારતી હોય કે એનો વર દેવામાં ડૂબેલો હોવો જોઈએ? એને કોઈ જગ્યાએ કોઈ કામ ના મળતું હોય, એ ધંધો કરે તો રોવાના દિવસો આવતા હોય, ખેતી કરે તો એનો પાક ઉદરડા ખાઈ જાય. હસવું આવે એવી વાત છે ને, હસી લો ત્યારે. જ્યારે પણ કોઈ મુરતીયો જોવાની વાત આવે એટલે પહેલાં એનું ઘર કુટુંબ અને પછી છોકરો શું કરે છે એ જોવાય. શું કરે છે મતલબ નોકરી, ધંધો શું કરે છે એમ અને ચોખ્ખા શબ્દોમાં કહું તો મહિને કેટલા રૂપિયા કમાઈને ઘર ભેગા કરે છે એમ. આટલું યોગ્ય લાગે તો જ વાત આગળ વધે નહીંતર અહીંયાથી જ પાછા વળી જવું પડે.

હવે આવા જ કોઈ સરસ કામ ધંધાવાળા છોકરા સાથે છોકરી પરણે પછી એ હંમેશા કામમાં ડૂબેલો રહે છે એ ફરિયાદ શેને માટે? બધાને પહેલેથી જ ખબર હતી કે આગળ આ જ થવાનું છે તો પછી પાછળથી, એની પાસે મારા માટે સમય જ નથી એવું શા માટે વિચારવું પડે છે.

બધા વિચાર છોકરીઓ જ કરે છે એવું થોડું છે. ક્યારેક તમારા ઘરવાળાને પૂછી જોજો કે લગ્ન પહેલા તમને કઈ હિરોઈન ગમતી હતી કે પછી તમારા મનમાં કેવી પત્નીની છબી હતી? એમના મનની હિરોઈન સાથે તમારી સરખામણી હાસ્યાસ્પદ લાગે છે ને અને તોય એ જરાય ફરિયાદ કર્યા વગર તમારી સાથે એમના જીવનરથનું ગાડું ગબડાવી રહ્યા છે તો પત્નીએ પણ સપોર્ટ કરવો જોઈએ ને. ગબડતા ગાડામાં ક્યાંક પથરો આવે, ક્યાંક ખાડો આવે ત્યારે બંને સાથે મળીને એને પાર પાડે એને જ તો વિચારકોએ સુખી લગ્નજીવન કહ્યું છે.

**નખરાળી જિંદગી**
**નિયતી કાપડીયા**

હજી જેને એમ થતું હોય કે ઝાડ ફરતે ફરીને ગીતો ગાવા તૈયાર હોય એ જ સુ વર કહેવાય તો જરાક વિચારી જોજો. થોડાક દિવસોમાં જ ગીત બદલાઈ જશે, એકનું એક ગીત રોજ નહીં ગમે. ઝાડ પર વાતાવરણની અસર દેખાશે, એની ઉપર બારેમાસ ફૂલો નહીં ખીલે અને આ બધા વચ્ચે તમારી ઈરછાઓ બદલાઈ જશે કે કેમ એ કોને ખબર. બની શકે પછી તમને ઝાડ ફરતે ગીતો ગાવાને બદલે ત્યાં એક ચકલી માળો બાંધી રહી હોય એ જોવાનું મન થાય.

પહેલા માળો, પછી ઈંડા, પછી બચ્ચા અને પછી એમને મોટા થઈ ઊડી જતાં જોવાની લાલસા. આજ છે સમગ્ર જીવનનું સરવૈયું.

હું તો કહીશ કે તમારા જીવનમાં એવો સાથી પસંદ કરજો જે છેવટ લગી તમારી સાથે રહે. એનામાં ફિલ્મી હીરો જેવી ટાપટીપ હોય, ના હોય ચલાવી લેજો પણ એ જ્યારે પોતાના પરિવારને સુખી કરવા મહેનત કરતો હોય ત્યારે એને સમજવાનો પ્રયાસ કરજો.

હમણાં થોડા દિવસો પહેલા જ એમેઝોન પ્રાઈમ વિડિયો પર એક ફિલ્મ રજૂ થઈ, "છોરી". ફિલ્મની શરૂઆતમાં જ આગળ શું થશે એનો ખ્યાલ આવી ગયેલો અને અંત સુધી ભૂતિયા ફિલ્મમાં ભૂત જેવું કંઈ ના આવ્યું તોય મને એ ફિલ્મ ગમી.

મેં ફરી યાદ કરી જોયું કે એ ફિલ્મમાં એવું શું હતું જે મને સ્પર્શી ગયું, પછી યાદ આવ્યું - સાતથી આંઠ ફૂટ ઊંચા, ઘીચ શેરડીના ઝુંડ વચ્ચેથી બહાર આવવા રસ્તો શોધવાની હીરોઈનની મથામણ. માની લો કે એક વર્તુળ દોરેલું છે અને એના કેન્દ્રમાં નાનું કુંડાળું કરી એ કુંડાળામાંથી કેટલીય કેડીઓ પાડેલી છે, હવે થાય એવું કે તમે ગમે તે કેડી પકડો, કલાક જેટલું ચાલો અને પછી બહાર આવવાના બદલે તમે ફરી એના એ જ કુંડાળામાં પાછા આવી જાઓ તો? બસ, આ જ છે છોરીની વિટંબણા અને આમ જુઓ તો દરેક સ્ત્રીની વિટંબણા. એમાંથી બહાર નીકળવાનો રસ્તો જરૂર છે પણ એને શોધવો તમારે જ પડશે.

**અમસ્તું,**

લગ્નજીવન એટલે સુખની તલાશ, અનેક કેડી કંડારેલી જ છે એમાંથી તમારે સાચી શોધવાની છે!

@KapadiaNiyati

# એવું તો એણે શું કરી નાખ્યું કે પોલીસને ચોપડે ચઢી ગયો!

"ઝાલા! આ જૂની ફાઈલોનો તો અહીં ખજાનો પડ્યો છે ને કાઈ! લાવો, નવરા બેઠા જોઈએ!" મેં કોન્સ્ટેબલ ઝાલાને ચાની ચૂસકી લેતાં સામેના કબાટમાં પડેલી ધૂળ ખાતી ફાઈલો તરફ જોતાં કહ્યું.

હમણાં થોડો નવરાશનો સમય મળ્યો હતો અને ઘણા વખતથી કબાટમાંથી ડોકિયું કરતી એ ફાઈલો તરફ મારું ધ્યાન ગયા કરતું હતું.

"હા, સાહેબ, લાવ્યો." બોલીને ઝાલાએ મારી સામે જૂની ફાઈલોનો ઢગલો કર્યો. ત્રણેક વર્ષ શહેરના પોલીસ-સ્ટેશનમાં સાથે વીતાવ્યા પછી ઝાલાને મારી સાથે સારું ફાવી ગયું હતું. મેં ફાઈલો ઉપરથી ધૂળ ખંખેરતાં પૂછ્યું, "આ બધા કેસનો નિકાલ થઈ ગયો છે?" ઝાલા બોલ્યો, "અમુકનો થઈ ગયો છે, અમુક હજી ઝોલાં ખાય છે."

હું એમ જ કુતૂહલવશ પાનાં ઉથલાવતો ગયો. અચાનક એક ફોટા ઉપર મારી નજર રોકાઈ ગઈ. નિર્દોષ, સાત્વિક ભાવો દર્શાવતો એ ચહેરો જોઈને મને વધારે જાણવાની ઈચ્છા થઈ આવી. એવું તો એણે શું કરી નાખ્યું કે પોલીસને ચોપડે ચઢી ગયો!

મેં પૂછ્યું, "ઝાલા, આનો શું રેકર્ડ બોલે છે?" ઝાલાએ ઝીણી આંખે ચોપડામાં જોયું, "સાહેબ, આ વિનય રામપ્રસાદ મહેતા છે. અને લાંચ-રૂશ્વતના કેસમાં ચાર વરસની જેલ ભોગવી રહ્યો છે. અત્યારે સાબરમતી જેલમાં બંધ છે."

મને રસ પડ્યો. "લાંચ-રૂશ્વત? ફોટો જોઈને તો લાગતું નથી." ઝાલા હસી પડ્યો, "સાહેબ, પોલીસખાતામાં તો ભગવાન પણ ધરતી ઉપર સાક્ષાત ઉતરી આવે ને તો ય કોઈ વિશ્વાસ ન કરે! આપણે તો અહીં શક કરવા જ બેઠાં છીએ!"

પણ મારું મન હજી માનતું નહોતું. મેં વિનયનો ઈતિહાસ ફંફોળ્યો. શહેરથી ચાલીસેક કિલોમીટર દૂર એનું ગામ, કહો કે ગામડું હતું. પોલીસનો ચોપડો બતાવતો હતો કે વિનયે સરકારી અનાજના દફતર ભંડારની બહુ મોટી રકમ ચાઉં કરી નાખી હતી. તે પછી સરકાર તરફથી કોર્ટમાં કેસ મૂકવામાં આવ્યો અને વિનયને ભ્રષ્ટાચારના કેસમાં જેલની સજા થઈ.

એ સમયે તો મેં વાતને એક ખૂણામાં ધરબી દીધી પણ રહી-રહીને મને થયા કરતું હતું કે ક્યારેક સમય મળે તો વિનયના ગામ જઈને તપાસ કરીશ ખરો.

અને એ સમય મને જલ્દી જ મળી ગયો. બે દિવસના એક સરકારી કાર્યક્રમ માટે મારે બંદોબસ્તમાં વિનયના ગામની નજીકના શહેરમાં જવાનું હતું. પહેલે દિવસે મોડી સાંજે એ કાર્યક્રમ પતી જાય તો વિનયના ગામ જઈ આવીશ એવું વિચારીને હું એકલો જ નીકળી પડ્યો.

મેં વિચાર્યા મુજબ સરકારી કાર્યક્રમ સમયસર સાંજે પતી ગયો એટલે વિનયના ગામ બાજુ જતી ટ્રેનમાં બેસીને અર્ધી કલાકમાં હું એક સ્ટેશને ઉતર્યો. ત્યાંથી એનું ગામ લગભગ ચારેક કિલોમીટરના અંતરે હતું. એક ખખડધજ બસમાં બેસીને ધૂળિયા રસ્તે થઈને એના ગામડે હું પહોંચી ગયો. એક તો સાવ ગામડું અને પાછા અંધારાના ઓળા પણ ધરતી ઉપર ઊતરી આવ્યા હતા, પણ નસીબજોગે ગામના ચોરે કેટલાક વૃધ્ધો બેઠા હતા. ત્યાં જઈને મેં પૂછ્યું, "વિનય મહેતાનું ઘર બતાવશો?" ત્યાં બેઠેલા બધાં મને તાકી રહ્યા.

એક વડીલે કહ્યું, "હવે શું બાકી રહ્યું છે? કપડાં ઉપરથી તો પોલીસ લાગો છો. વિનય તો તમારો જ મહેમાન છે ને?" મેં સહેજ સંકોચ સાથે કહ્યું, "હા, મને ખ્યાલ છે. જો કે હું એ કેસમાં કઈ જાણતો નથી. પણ હા, હકીકતમાં શું બન્યું હતું એ જાણવાની ઈચ્છા જરૂર છે. એના ઘરનો રસ્તો બતાવી શકો તો...."

હવે એમનો સ્વર થોડો નરમ પડ્યો, "પણ સાહેબ, જઈને શું કરશો? તમને ત્યાં કોઈ મળશે નહીં." મેં પૂછ્યું, "કેમ?" "હવે ત્યાં કોઈ રહેતું નથી. વિનય રામપ્રસાદ માસ્તરનો એકનો એક દીકરો હતો. એ બે બાપ-દિકરા સિવાય પરિવારમાં બીજું કોઈ હતું નહીં."

મને વાતમાં રસ પડ્યો. મેં કહ્યું, "પણ આ વિનયની બાબતમાં શું બન્યું હતું?" એમની બૂઢી આંખોમાં વેદના ડોકાઈ. "સાહેબ, ઉતાવળ ન હોય તો આહીં બેસો. વાત કરું." એ બોલ્યા. મેં કહ્યું, "હું એટલા માટે જ અહીં આવ્યો છું."

એમણે ઓટલા ઉપર એમની બાજુમાં ધૂળ સાફ કરીને મને બેસવાનો ઈશારો કર્યો. "વિનય માસ્તરનું એક જ સંતાન." એમણે વાત શરૂ કરી. ગામડામાં રાત વહેલી પડી જાય એટલે વારાફરતી બાકીના વડીલો ઊભા થઈને જવા લાગ્યા.

પણ એ દાદાની વાત વહેતી રહી અને હું એમાં વહેતો રહ્યો. "વિનયમાં શિક્ષક પિતાના સંસ્કાર એટલે એ પહેલેથી જ બહુ ડાહ્યો અને પ્રમાણિક. શાળામાં પણ એની કોઈ ફરિયાદ ન મળે. ભણી-ગણીને સમાજમાં પ્રતિષ્ઠા મેળવવી એ જ એની નેમ. અને એ એણે મેળવી પણ ખરી. સરકારી દફતર ભંડારમાં એ નોકરીએ લાગ્યો ત્યારે એનો હરખ માલ્લતો નહોતો અને માસ્તરે પણ આખા ગામમાં પેંડા વહેંચેલા."

હું મૂંઝાયો, "પણ તો પછી આ લાંચ-રૂશ્વત?...." દાદા ઊંડો નિઃસાસો નાખીને બોલ્યા, "હા ભાઈ, એની પ્રમાણિકતા જ એને નડી ગઈ. રોજ એ હિસાબ કરે ને એમાં એને કઈંક અજુગતું લાગે. એટલે એક દિવસ એણે બરાબર ધ્યાન રાખ્યું. ચકોર તો એ હતો જ. આખરે ચોર પકડાઈ ગયો. એની જ ઓફિસનો કારકૂન હતો. વિનય ખોટું સહન કરી લે એવો નહોતો. એટલે પેલાએ એને લાલચ આપી કે આપણે બે ય સરખે ભાગે ગોટાળાની રકમ વહેંચી લેશું. પણ વિનય ટસનો મસ ન થયો. એટલે પેલાને થયું કે વિનય એને પકડાવી દે એ પહેલાં એને જ પકડાવી દેવો."

**સ-રસ**
**મમતા બુચ**

મારા ચહેરા ઉપર કડવાશના ભાવ ઉતરી આવ્યા. દાદાનો અવાજ ધીમો પડી ગયો, "બીજા જ દિવસે છટકું ગોઠવીને એણે વિનયને પકડાવી દીધો. વિનય બહુ રડ્યો, કકળ્યો, ગુસ્સે ય થયો. પણ ભાઈ, કહે છે ને કે કાયદાની આંખે પટ્ટી બાંધેલી છે. આખું ગામ દુહાઈ દેતું હતું પણ બધા પુરાવા વિનયની વિરુદ્ધ હતા એટલે એને ત્રણ વર્ષની